# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) ભારત અને બેલ્જિયમ વેપાર અને રોકાણ , હરિત ઉર્જા પરિવર્તન , નવીનતા અને ટેકનોલોજી, સંરક્ષણ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાના ક્ષેત્રોમાં સહયોગ વધારવા સંમત

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે હરિયાણા ચંદીગઢ અને પંજાબની મુલાકાત લેશે

3) આજે અષાઢી બીજ - ભગવાન જગન્નાથ , ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાની રથયાત્રાનો ઓડિશાના પુરીમાં આરંભ – ગુજરાતના અમદાવાદમાં પણ ઐતિહાસિક જગન્નાથ મંદિરથી રથયાત્રાનું પ્રસ્થાન

4) ભારતના અમન સેહરાવતે બુડાપેસ્ટમાં રમાઈ રહેલી કુસ્તી સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જ્યારે અન્ય બે ખેલાડીઓએ કાંસ્યચંદ્રક જીત્યા

5) ક્રિકેટમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની શ્રેણીની બીજી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ આજે કાર્ડિફના સોફિયા ગાર્ડન્સ ખાતે રમાશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# INDIA – BELGIUM

ભારત અને બેલ્જિયમ વેપાર અને રોકાણ , હરિત ઉર્જા પરિવર્તન, નવીનતા અને ટેકનોલોજી, કનેક્ટિવિટી, સંરક્ષણ, સુરક્ષા, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ તેમજ લોકો-થી-લોકોના સંપર્ક જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા સંમત થયા છે.

બ્રસેલ્સમાં યોજાયેલી ભારત-બેલ્જિયમ વ્યૂહાત્મક સંવાદની પ્રથમ બેઠકમાં માળખાગત અને વ્યાપક ભાગીદારી દ્વારા દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાની ચર્ચા કરવામાં આવી હતી. વ્યૂહાત્મક સંવાદના ઉદ્ઘાટન સત્રની સહ-અધ્યક્ષતા વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને બેલ્જિયમના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ , યુરોપિયન બાબતો અને વિકાસ સહકાર મંત્રી મેક્સિમ પ્રેવોટ દ્વારા કરવામાં આવી હતી.

ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે યુરોપ સાથે ભારતના જોડાણમાં બેલ્જિયમનું વિશેષ સ્થાન છે. તેમણે કહ્યું કે જેમ જેમ દ્વિપક્ષીય ભાગીદારી વધતી જાય છે તેમ તેમ ભારત-EU સંબંધો ગાઢ બનતા જાય છે.

શ્રી પ્રેવોટે જણાવ્યું હતું કે ગયા વર્ષે માર્ચમાં બેલ્જિયમના આર્થિક મિશનથી બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધો મજબૂત અને ગતિશીલ બન્યા હતા. તેમણે કહ્યું હતું કે વેપાર , રોકાણ અને નવીનતા બંને દેશોને નજીક લાવી રહ્યા છે અને ભવિષ્યના સહયોગ માટે મજબૂત પાયો નાખી રહ્યા છે.

આ ફોરમમાં ડૉ. જયશંકર , વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી જિતિન પ્રસાદ હાજર રહ્યા હતા. બેલ્જિયમ તરફથી, ફ્લેન્ડર્સ સરકારના મંત્રી-પ્રમુખ , મેથિયાસ ડીપેન્ડેલ અને વોલોનિયાના મંત્રી-પ્રમુખ, એડ્રિયન ડોલિમોન્ટ હાજર રહ્યા હતા.

# INDIA EU TCC MEETING

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત- EU વેપાર અને ટેકનોલોજી પરિષદની બેઠક ભારત- EU મુક્ત વેપાર કરાર FTA, સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી અને ગતિશીલતાને મજબૂત રીતે આગળ વધારશે. તેમણે બ્રસેલ્સમાં ત્રીજી ભારત-EU વેપાર અને ટેકનોલોજી પરિષદની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું કે ભારત અને EU એ એકબીજા સાથે વિશ્વાસ કેળવ્યો છે અને હવે વેપાર અને ટેકનોલોજી ક્ષેત્રોમાં તેને વધુ વિસ્તૃત કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે. ડૉ. જયશંકરે કહ્યું કે બને પક્ષો ઇલેક્ટ્રિક વાહન ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ધોરણો પર પ્રથમ નવીનતા કેન્દ્ર સ્થાપિત કરવા સંમત થયા હતા.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે ભારત- EU મુક્ત વેપાર કરારને વાજબી, સમાન અને સંતુલિત ગણાવ્યો, જે બંને દેશોના દરેક ક્ષેત્રને લાભદાયી છે. તેમણે કહ્યું કે બંને દેશોનું વિઝન નવીનતા-આધારિત , વિશ્વસનીય અને ભવિષ્ય માટે તૈયાર વિકાસ ભાગીદારી તરફ છે. તેમણે કહ્યું કે EU અને ભારત ચોક્કસ મુખ્ય ક્ષેત્રો પર નિર્ભરતા ઘટાડવા અને વિશ્વસનીય અને વૈવિધ્યસભર સપ્લાય ચેઇન બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

# PM-HARYANA PUNJAB VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે હરિયાણા ચંદીગઢ અને પંજાબની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી હરિયાણાના જિંદ રેલ્વે સ્ટેશન ખાતે જિંદ અને સોનીપત વચ્ચે દોડનારી ભારતની પ્રથમ હાઇડ્રોજન ટ્રેનને લીલી ઝંડી આપશે. શ્રી મોદી જીંદના એકલવ્ય સ્ટેડિયમ ખાતે આશરે 14 હજાર 700 કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો લોકાર્પણ અને શિલાન્યાસ કરશે.

ચંદીગઢમાં પ્રધાનમંત્રી આરોગ્યસંભાળ , શિક્ષણ અને માર્ગ માળખાગત સુવિધાઓ સંબંધિત છ હજાર 600 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી ચંદીગઢમાં પોસ્ટગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ખાતે એડવાન્સ્ડ મધર એન્ડ ચાઇલ્ડ સેન્ટર અને એડવાન્સ્ડ ન્યુરોસાયન્સ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે.

પ્રધાનમંત્રી જલંધરની મુલાકાત દરમ્યાન કનેક્ટિવિટી અને મુસાફરોની સુવિધા વધારવા અને પ્રદેશમાં આર્થિક વિકાસને વેગ આપવાના હેતુથી પાંચ હજાર 470 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી 'અમૃત ભારત સ્ટેશન યોજના ' હેઠળ જલંધર કેન્ટ સહિત 75 પુનઃવિકસિત રેલ્વે સ્ટેશનોનું ઉદ્ઘાટન કરશે.

# PURI RATH YATRA

ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાની રથયાત્રા આજથી ઓડિશાના પુરીમાં આરંભ થયો છે. વિશ્વ પ્રસિદ્ધ રથયાત્રા દરમિયાન , ભગવાન જગન્નાથ અને તેમના ભાઈ-બહેનો , રથ પર બેઠેલા , ભક્તોને દર્શન આપે છે અને શ્રી ગુંડિચા મંદિર જે ભગવાન જગન્નાથના મામાનું નિવાસસ્થાન માનવામાં આવે છે ત્યાં જાય છે. આ આશરે ત્રણ કિલોમીટરની યાત્રા શ્રી ગુંડિચા મંદિર ખાતે સમાપ્ત થશે. ભગવાન જગન્નાથ , ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રા નવ દિવસ માટે ગુંડિચા મંદિરમાં રહે છે. યાત્રા પૂર્ણ કર્યા બાદ તેઓ એક જ રથ પર શ્રી મંદિરમાં પાછા ફરે છે , જેને "બહુડા યાત્રા" અથવા પરત રથયાત્રા કહેવામાં આવે છે. આ રથયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો ભાગ લે છે. યાત્રાના સુચારુ સંચાલન માટે બહુ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

દરમ્યાન ગુજરાતના અમદાવાદમાં પણ આજે કડક સુરક્ષા વચ્ચે ભગવાન જગન્નાથની ૧૪૯મી રથયાત્રાનો પ્રારંભ થયો. અમદાવાદના જમાલપુરમાં 400 વર્ષ જૂના જગન્નાથ મંદિરમાં ભગવાનના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ સાંભળીએ....

## VC - અપર્ણા ખૂંટ

# RED FORT-CLOSURE

આગામી 80મા સ્વતંત્રતા દિવસની ઉજવણીને અનુલક્ષી દિલ્હીનો લાલ કિલ્લો સંકુલ 15 ઓગસ્ટ સુધી સામાન્ય લોકો માટે બંધ રહેશે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગે લાલ કિલ્લા સંકુલમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારીઓ ધ્યાનમાં રાખીને આ આદેશ જારી કર્યો છે. વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે દર વર્ષે સ્વતંત્રતા દિવસ પહેલા આવા આદેશ જારી કરવામાં આવે છે. 15 ઓગસ્ટના રોજ, સરકાર દ્વારા જારી કરાયેલ પાસ ધારકોને જ લાલ કિલ્લાના સંકુલમાં પ્રવેશવાની અને ઉજવણીમાં હાજરી આપવાની મંજૂરી આપવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WRESTLING

ભારતના અમન સેહરાવતે ગઈકાલે હંગેરીના બુડાપેસ્ટમાં પોલ્યાક ઇમરે , વર્ગા જાનોસ અને કોઝમા ઇસ્તવાન મેમોરિયલ 2026 કુસ્તી સ્પર્ધામાં પુરુષોની ફ્રીસ્ટાઇલ 57 કિલોગ્રામ શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

પુરુષોની 61 કિલોગ્રામ શ્રેણીમાં દીપક અને 65 કિલોગ્રામ શ્રેણીમાં વિશાલ કાલીરામણે કાંસ્યચંદ્રક જીત્યા આ સાથે જ સ્પર્ધાના પ્રથમ દિવસે ભારતની મેડલ સંખ્યા ત્રણ થઈ ગઈ.

ભારતના ખેલાડીઓ આજે પણ પુરુષોની ફ્રીસ્ટાઇલ 79 કિલોગ્રામ, 92, 97 અને 125 કિલોગ્રામ શ્રેણી તેમજ મહિલાઓની 50 અને 55 કિલોગ્રામ શ્રેણીમાં પોત પોતાના મુકાબલા રમશે.

આ સિઝનની ચોથી ટુર્નામેન્ટ અને યુનાઇટેડ વિશ્વ રેસલિંગ રેન્કિંગ શ્રેણીની અંતિમ સ્પર્ધા છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશ , ગંગા પશ્ચિમ બંગાળ અને ઓડિશાના કેટલાક ભાગોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. આજે આસામ , મેઘાલય, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળના તરાઈ પ્રદેશ , સિક્કિમ અને ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદની આગાહી છે. વિભાગે આગામી બે થી ત્રણ દિવસમાં પંજાબ , હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પૂર્વ અને પશ્ચિમ રાજસ્થાન અને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં મધ્યમ વરસાદની આગાહી કરી છે. આજે આંધ્રપ્રદેશ , તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ગરમીનું મોજું રહેવાની સંભાવના છે.

# CRICKET-IND VS ENG

ક્રિકેટમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની શ્રેણીની બીજી એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચ આજે કાર્ડિફના સોફિયા ગાર્ડન્સ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાડા પાંચ વાગ્યે શરૂ થશે.

આ અગાઉ ભારતે મંગળવારે બર્મિંગહામના એજબેસ્ટન ખાતે પ્રથમ મેચમાં યજમાન ઇંગ્લેન્ડને 6 વિકેટથી હરાવ્યું હતું. ત્રીજી મેચ રવિવારે લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધિ ઉંધાડ

- અષાઢી બીજના પાવનપર્વ જય જગન્નાથના જયઘોષ સાથે નિકળી રહેલી રથયાત્રા અને સેમીકંડક્ટર મિશન 2.0ને કેબિનેટની મંજૂરી જેવા સમાચારો અખબારોની હેડલાઈનમાં વાંચવા મળી રહ્યા છે..
- સંદેશ સમાચાર લખે છે સેમીકંડક્ટર મિશન 2.0ને કેબિનેટની મંજૂરી..ફ્રાન્સમાં આકરી ગરમીથી ન્યુક્લિયર પ્લાન્ટ બંધ કરાયા..
- દિવ્ય ભાસ્કર પ્રથમ પાને લખે છે રશિયાથી ઓઈલની ખરીદી , ટ્રમ્પ ભારત પર 100 ટકા ટેરીફ લાદી શકે.. વાંગચુકનુ વજન 8.9 કિલો ઘટ્યું.. સ્વાસ્થય અંગે ચિંતા
- ફુલછાબ સમાચાર લખે છે આજે જગન્નાથજીની નગરચર્યા... આષાઢના પ્રારંભે સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ.... સુરતના અસરગ્રસત વેપારીઓને મળશે 1 લાખ સુધીની સહાય અને ટેક્સમાં મુક્તિ...
- હવેથી ગુજરાતમા અશાંત વિસ્તાર , નિર્દિ્ષ્ટ વિસ્તાર કહેવાશે આ સમાચાર નવગુજરાત સમયના છે
- ગુજરાત સમાચારમાં આજે જગતના નાથ નગરચર્ચાએ નિકળ્યા- ભક્તોમાં અનેરો ઉત્સાહ... અમદાવાદની રથયાત્રા- લાકડીના દંડાથી ડ્રોન સુરક્ષા સુધીની સફર,, રથયાત્રામાં આ વખતે પહેલીવાર એલિફન્ટ સ્કવોડ તૈનાત રહેશે જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે..